સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

યેપથી ભીંસમાં રોજ નવા આંકડા ભાંકાય છે!
મહામારીથી મૃત્યુનાં તીક્ષ્ણ ભાલા ભાંકાય છે,
ચાંકાય છે અદ્યતન વિજ્ઞાનની પછડાટથી -
વિકાસ અને પ્રગતિના માર્ગે શૂળ ભાંકાય છે...

હાઈકુ

નિર્દયી રાષ્ટ્રો -
જીવલેણ રમતે -
માણે આનંદ!!
(ચીન-અમેરિકાની નીરો વૃત્તિ)

બુદ્ધિના બેલ!
ઝૂંપડી સળગાવી -
કર્યો પ્રકાશ !
(ઝેરના પારખાં)

ચિંતન

સ્વરં શ્વાનં ગજં મત્તં રણ્ડાં ચ બહુભાષિણીમ્ ।
રાજપુત્રં કુમિત્રં ચ દૂરતઃ પરિવર્જયેત્ ॥

ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્નાભાંડાગાર'માંથી લેવામાં આવેલ છે.

ગધેડો, કૂતરો, મંદોન્મત્ત હાથી, બહુ બોલકી રંડા, રાજકુમાર અને ખરાબ મિત્ર એટલાં ને તો દૂરથી જ ત્યજી દેવા જોઈએ.

દુષ્ટ સ્વભાવ અને ચરિત્ર ધરાવનારનો સંગ ન કરવો જોઈએ આવાં તત્ત્વો ક્યારેક ને ક્યારેક પોતાના દુષ્ટ સ્વભાવ અને ચરિત્રનો ભાવ પ્રગટ કરી આપણને મુશ્કેલીમાં મુકી દે છે.

અહીં ગધેડું, કૂતરું, મદમાં આવેલ હાથી બહુ બોલકી વિધવા સ્ત્રી, ધન સંપત્તિ વાળો યુવાન (રાજકુમાર) દુષ્ટ મિત્રની ચાદી આપી છે.

સુવિચાર

- ચિંતા એવા લોકો દ્વારા ચૂકવાયેલું વ્યાજ છે કે જે લોકો ઉધારમાં મુસીબત વ્હોરી રે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે માનવી માનવતાને સ્થિર રાખી શકે છે તે જ ધર્મ સાચો - **જીવન પાથેય**
- સત્યનો સ્વિકાર કરનાર જ પરમેશ્વરની વાણી સાંભળી શકે છે - **સંત દિનાનાથ**
- જયાં પ્રયત્નોની ઊંચાઈ વધુ હોય છે ત્યાં નસીબે પણ ઝૂકવું પડે છે - **ડેવિડ વ્હીટલ**
- બે બાબતે માણસ લાચાર જ રહે છે એક : દુઃખ વેચી શકાતું નથી અને
  બે : સુખ ખરીદી શકાતું નથી - **બાબુભાઈ સોલંકી**
- અપેક્ષાનો જે આગ્રહ ન રાખે,અહં ને જે વજન ન આપે, ક્રોધથી જે દૂર રહે અને ફરિયાદો કરવાથી જે બચતો રહે તે ભગવાની નજીક જલ્દીથી પહોંચે છે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : કોથમીરના પાનનો પાંચ મીલી રસ ગરમ પાણીમાં મેળવી પીવાથી ઊંઘ સારી આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ભગત રોજ મહાદેવજીની પૂજા કરે. જળ ચડાવે, બિલીપત્ર ચડાવે, માળા કરે, બે કલાક પૂજામાં કાઢે પણ આ બધી પ્રક્રિયા યંત્રવત હોય, ભક્તિ ઓછી અને દેખાડો વધુ જોવાય.

મહાદેવના મંદિર અને ગામ વચ્ચે નદી હતી. ભગત એક નાની નાવ લઈ નદી પાર જઈ મહાદેવની પૂજા કરતો. પૂજા પાઠ માટે જાય ત્યારે નાવને એક ઝાડ સાથે ભરાવી દેતો. શિવરાત્રીના દિવસે એણે સવારથી સાંજ સુધી મહાદેવની વિશેષ પૂજા કરી. પ્રસાદમાં ભાંગ પીધી.... રાત્રે નાવને છોડવાનું બાકી રહ્યું અને આખીય રાત હલેલા મારતો રહ્યો. પણ નાવ બંધાયેલી હતી. એટલે નદી પાર થઈ નહીં.

સવાર પડી નશો ઓછો થયો. નાવ તો બંધાયેલી જ હતી.

મોહમાયાનું લંગર પણ એવું જ હોય છે. માણસ તેનાથી મુક્ત બની આગળ વધી શકતો નથી. મોહમાયાનું લંગર છોડીશું તો સામે કિનારે પહોંચી શકીશું.

કોરોના જંગ વિચિત્ર વળાંકે...

તંત્રીસ્થાનેથી...

વૈશ્વિક મહામારી સામેનો જંગ વિચિત્ર વળાંકે ઊભો છે. લોકડાઉન લંબાવાય તો રોજીરોટીના પ્રશ્ન છે. અને લોકડાઉન ના લંબાવાય તો જીંદગીના જોખમો છે...!! સરકાર મુંઝવણમાં છે. પ્રજા એથી એ વધુ મુંઝવણમાં છે. ઘરે બેસી રહેવું પોષાય તેમ નથી અને બહાર નીકળીને જિંદગીનું જોખમ લેવું પાલવે તેમ નથી. આમ વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવન સુધી મહામારીએ ઘેરો ઘાલ્યો છે. નીતનવા પ્રશ્નો.... નીતનવા પ્રસંગો અને નીતનવા સંશોધનો માનવજાતને હચમચાવે છે. સમગ્ર માનવજાત અસ્તિત્વનો જંગ લડી રહી છે. આવતીકાલ કેવી હશે...? શું થશે ? તેની આગાહીઓ કરનારા ગોથા ખાય છે. વૈજ્ઞાનિકો ઉપાયો શોધવામાં માથું ખંજવાળે છે અને શાસકો આશ્વાસનો આપવામાં વ્યસ્ત છે. ત્યારે માનવ જીવન પ્રશ્નાર્થોની વણઝારમાં અટવાયેલું છે. લડવું છે... લડત લાંબી છે... પણ કેવી રીતે લડવું તેની સમજણનો સાર્વત્રિક અભાવ છે. આમ છતાં 'પડશે તેવા દેવાશે' ની ભૂમિકા પર ગાડુ ગબડે છે....!

હા... પણ નિરાશાને કોઈ સ્થાન નથી... નવી આશાઓ લઈને નવું પ્રભાત ઉગશે... નવી જીવન પ્રણાલિકા અને નવી પદ્ધતિઓ પ્રગટ થશે. દરેક વ્યક્તિગત જીવનમાં આત્મનિર્ભર બનવું પડશે. કોઈ કોઈને બચાવી શકશે નહિ. પ્રત્યેક માનવીએ પોતાની જાત અને પોતાના જીવનનું ધ્યાન રાખવું પડશે.... કોરોના અને કોરોના જેવા વાયરસના પડકારો બદલાતા સમયમાં આવતા જ રહેશે. પરિસ્થિતિના પડકારોથી ગભરાઈ જવાનો સમય નથી. શારીરિક રીતે રોગ પ્રતિકારક શક્તિ સતત વધારવી પડશે. યોગ - પ્રાણાયામ - આયુર્વેદિક પદ્ધતિ અને આપણા દેશી ઉપચારો હંમેશા કારગત નીવડ્યા છે અને નીવડશે. સકારાત્મક વિચારો અને વાતાવરણ રોગપ્રતિકારક શક્તિ વધારવા અનિવાર્ય છે. કોરોના વાયરસનો કલ્પિત ભય જીવન ઉપર હાવી ન થાય થાય તેની પણ કાળજી રાખવી જ પડશે. મહામારીના સમાચારો અચુક મેળવવા પરંતુ એ સમાચારો વિચારોમાં પરિવર્તિત ના થાય તેની પણ કાળજી રાખવી પડશે. આ ઉપરાંત પ્રધાનમંત્રીનું સૂચન 'દો ગજ ની દૂરી' સતત પાળવું પડે તેવું જ છે...! માસ્ક, સેનીટાઈઝર અને હાથમોજા જીવનનો ભાગ બનાવવો પડશે... જીવનના પરિવર્તનોને સ્વીકારવા એ જ શિક્ષણની સાચી પરિભાષા છે.

કોરોના સંક્રમણ અટકાવવા આમ નથી થયું - તેમ નથી થયું - ચર્ચા સહેલી છે પણ અમલ અઘરો છો. 'આભ ફાટ્યુ હોય ત્યાં થીગડું દેવા કયા જવું' એ ન્યાયે સમગ્ર વિશ્વ મહામારીના ભરડામાં ભીંસાયું છે ત્યારે એકમેકને પુરક બનીને કોરોના વાયરસ સંદર્ભે જાહેર કરાતી આચારસંહિતાનું પાલન કરીએ અને શક્ય એટલું સમાજવ્યવસ્થામાં પૂરક બનીએ. એ જ સમયની માંગ છે. વિશ્વમાં ૨ લાખથી વધુ ભાઈ-બહેનો કોરોનાની મહામારીમાં હોમાઈ ગયા છે અને ૨૫ લાખથી વધુ કોરોના સામે જંગ લડી રહ્યા ત્યારે આપણે સૌ સકારાત્મક ભાવથી પ્રાર્થીઓ કે સૌ સાજા થઈ જાય અને ગણતરીના દિવસોમાં નવા સ્વરુપે સામાજિક વ્યવહારો અને વ્યવસ્થા ગોઠવાઈ જાય... સૌનું કલ્યાણ થાય.... સૌનું મંગળ થાય... એ જ આ પળની પ્રાર્થના છે.

સંગીત માણસને હસાવે પણ છે ને રડાવે પણ છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'હું આ પ્રોગ્રામ લાઈટ બંધ રાખીને, બાલ્કનીની Full window ખોલી નાખીને એકદમ Low volume પર સાંભળું.... બહુ મજા આવે...'

માત્રને માત્ર સમર્પિત સ્નેહનો દાયકાઓનો જેમની સાથે પારિવારિક સંબંદ છે એવા એક સ્વજને મોબાઈલમાં લખ્યું અને મારી આસપાસ જાણે શબ્દ-સૂર-સ્નેહની ત્રિવેણી પ્રગટ થઈ ગઈ.

વાત જાણે એમ કે, ગુજરાતના આઠ શહેરો ભરૂચ, ગોધરા, મહેસાણા, ભાવનગર, જામનગર, પોરબંદર, જૂનાગઢ અને વેરાવળથી પ્રસારિત થતા ટોપ એફ.એમ. રેડિયોમાં રજૂ થતો મારો શો 'મનની મજલિસ'ના એ નિયમિત શ્રોતા. આ શોમાં લાગણીની - પ્રેમની - મન-મસ્તીને મૌસીકીની વાતો રજૂ કરતો રહું અને સાથે જોડાતા જાય મનભાવન ગીત-ગઝલ... આમ શેર-શાયરી-કવિતા અને સંગીત સાથે ભાવપૂર્ણ અવાજનું પંચામૃત જાણે પીરસાતું જાય...

એક કલાકાર તરીકે, એક પરફોર્મર તરીકે કોઈ સહૃદય શ્રોતા-ભાવક રાજી થાય, અભિનંદન આપે ત્યારે જરૂર આનંદ થાય. વધુ સારી પ્રસ્તુતિ માટેની જવાબદારીથી પણ જાગૃત થવાય. આખરે એકબીજાને જોડવાનું કામ કરે છે સંગીત. સંગીતમાં એ તાકાત છે કે આપણને એ મૌનની - આંસુઓની અપાર સમૃદ્ધિ આપે છે.

સંગીતના કાર્યક્રમો સાથે અને કલાકારો સાથે જેમનો દાયકાઓનો સંબંધ રહ્યો છે એવા માધવી ઓઝા કહે છે, 'સંગીત તો શ્વાસ છે...' તો સંસ્કાર નગરી ભાવનગરમાં રહીને જેઓએ માત્ર સંગીતના શોખને સંવર્ધિત કરવા ઉચ્ચ અધિકારીની નોકરીમાંથી પણ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી તેવા શ્રી રાજેશ વૈષ્ણવ કહે છે કે, 'સંગીત માટે મારે કહેવું હોય તો હિંદી પંક્તિ કહીશ... સંગીત હૈ શક્તિ ઈશ્વર કી, હર સૂરમેં બસે હૈ રામ, રાગી જો સુનાયે રાગીની, રોગી કો મીલો આરામ....'

હમણાં ટીવી પર એક ચેનલની ચર્ચામાં જેઓ સંગીત થેરાપી પણ સુંદર કામ કરી રહ્યા છે એવા ડૉકટર મિત્ર કેદાર ઉપાધ્યાયે પણ વિવિધ રાગો અને તેની માનવ સ્વાસ્થ્ય પર થતી અસરો અંગે વાત કરી. મનને શાંત કરે છે, વિચારોને સ્થિર કરે છે અને હૈયામાં હામ ભરે છે ગીત-સંગીત. સંગીત પ્રત્યે જેઓ સમર્પિત છે, સંગીતને જેઓ દાયકાઓથી માણે છે એવા શ્રોતાઓ અને કલાકારોએ વાતનો અનુભવ ધરાવે છે કે સંગીત માણસને હસાવે પણ છે ને રડાવે પણ છે દર્દના સમયમનો પણ એ સહારો છે ને આનંદના સમયે નાચવું હોય તો ત્યારે પણ ગીત-સંગીત આપણને સાથ આપે છે.

ઘણીવાર આપણને ખ્યાલ પણ ન હોય કે અરે આમને સંગીતનો આટલો બધો શોખ છે? એવું પણ આપણી આસપાસના લોકોમાં બને. છેલ્લા અઢી દાયકાથી જેમની સાથે દેશવિદેશ ફરવાનું થાય એવા પરમ મિત્ર હેમંત સુરૈયા સાથે એકવાર દસ દિવસ મસ્કત રહેવાનું થયું. રોજ રાત્રે મોડે સુધી જાગતા હોઈએ... અને તેમણે ફરમાઈશ શરૂ કરી... આ ગીત સંભળાવો, આ ફિલ્મના આ ગીતો સંભળાવો.... ને જે તે ફિલ્મ કે કલાકારો સાથે જોડાયેલી એટલી વાતો કરી કે મારા માટે સુખદ સંભારણું બની ગઈ એ યાદદાસ્ત... માત્ર સંગીત એક જ એવું માધ્યમ છે, જે આપણને વીતેલા સમયના સંસ્મરણો - જૂના દિવસોની યાદ - જૂના દિવસો - ઘરનાઓ - પ્રસંગો - બધાની સાવ નજીક લઈ જઈ શકે છે... રેડિયો પરથી રજૂ થતા ગીતો અને તેને રજૂ કરનાર પ્રેઝેન્ટર તથા શ્રોતાઓ વચ્ચે ખૂબ લાંબુ અંતર હોય છે...પરંતુ સંગીતથી જાણે એ અંતર ઓગળી જાય છે.

હા એને માટે પેલા સ્વજને લખ્યું છે એમ મન-હૃદયની ફુલ વિન્ડો ખોલવી પડે... અને વોલ્યુમ લો રાખવું પડે...

એટલે કે એ સમયે આપણા મનના અન્ય કોલાહલોને શાંત કરવા પડે.... દલીલ - તર્ક - આયોજનોનો ઉચાટ ને ભૂતકાળના કર્મોનો ડર... કેટકેટલું લો વોલ્યુમ પર આવે ત્યારે હૈયાના તાર સાથે સંગીતના સૂરોના અને ગીતના શબ્દોના તાર એક થઈ જાય છે. આવું થાય છે ત્યારે સૂર-શબ્દના અજવાળા રેલાય છે.

જીવવું છે, ઝૂરવું છે,ઝૂઝવું છે જાનેમન ! થોડી અદાઓ ફાંકડી,થોડી ફિતૂરી રાખવી

વિચારયાત્રા
ડો. જય ઓઝા

કારમી ગરીબીથી ત્રાસી ગયેલા એક માણસને કોકે સલાહ આપી કે પરમાત્મા ખૂબ શકિતસંપન્ન છે. તેમને પ્રાર્થના કર કે લોટરીનું ૧ કરોડનું ઈનામ એ તને આપે.

એ માણસ તો બીજા દિવસથી પરમાત્માને પ્રાર્થના કરવાનું શરૂ કરી દીધું. પ્રાર્થના કરવાનો દોર ચાલતો હતો અને ત્રીસમા દિવસે પરમાત્મા પ્રગટ થયા અને માણસને લાફો લગાવી દીધો.

ભકતે દુઃખી થતા પૂછ્યું: ×પ્રભુજી ઈનામ ના આપો તો કાંઈ નહીં લાફો શું કામ આપો છો? પ્રભુએ કહ્યું :×દોસ્ત લોટરીના એક કરોડ માટે ૩૦ દિવસથી પ્રયત્ન કરે છે, મને પ્રાર્થના કરે છે ,પણ મારે તને એક પ્રશ્ન પૂછવો છે લોટરીની દસ રૂપિયાની ટિકિટ તે લીધી છે ખરી?×

હસવું આવે તેવી આ વાત છે, પણ આપણે બધાં જ આ ભકત જેવા છીએ, પ્રભુની કૃપા માંગીએ છીએ પણ પુરુષાર્થ કર્યા વગર. આળસુ બનીને પ્રાર્થના કર્યા પછી ફળ મળશે એવું કેમ માની લેવું? અને ખૂબ પુરુષાર્થ-મહેનત કર્યા પછી સફળતા પ્રાપ્ત થાય છે તેનું મૂલ્ય ક્યારેય જોયું છે સમજ્યા છો?

આજના સમયમાં સમાજનો દરેક વર્ગ ,ઘણી બધી સંસ્થાઓ સરકારી તંત્ર, ડૉક્ટરો, પોલિસ, સફાઈ કર્મચારીઓ અને કેટલા બધાં ન દેખાતા પુષ્કળ કામ કરતાં રાત દિવસ જોયા વગર આ મહામારીથી આપણને બચાવવાનો પ્રયત્ન કરતાં ઢગલાબંધ સૈનિકો સાક્ષાત ઈશ્વર બનીને આપણી સમક્ષ આવ્યા છે.

આપણે ઘરે બેઠાં બેઠાં ટીવી જોતાં-જોતાં આંકડાઓને સ્કૉર સમજીને ચેક કરતા રહેતા કોઈ પ્રકારના પુરુષાર્થ વગર સમજ્યા વગર માત્ર પ્રશ્નો જ રાખીએ છીએ.

અને એવી એવી માંગણીઓ કરીને બસ માત્ર કાગારોળ મચાવીએ છીએ આ મહામારીનો સમય જ નહિ કાયમ આપણો સ્વભાવ રહ્યો છે કે જ્યારે પણ કોઈ મુશ્કેલી આવે ત્યારે ઈશ્વરની યાદ આવી જાય.

ખરેખર તો મુશ્કેલી આવે ત્યારે તો બમણા જોરથી મહેનત કરવી જોઈએ ઈશ્વરને પણ આપણો બધો જ સમય મહેનત અને પરિક્રમમાં જાય એમાં રસ હોય છે, માત્ર બેઠાં-બેઠાં મહેનતથી બચવા માટે છટકબારી શોધવા માટે ઈશ્વરનું નામ લેવા બેસીએ તે તો એને પણ ગમતું નથી. ભગવાનને પણ કંઈક કરી બતાવવાવાળા માણસ માટે પક્ષપાત હોય છે. પરીક્ષા આવી પેપર સારું નથી ગયું, તો ઈશ્વરની ભકિત શરૂ:×હે પ્રભુ નારિયેળ ચઢાવીશ, બસ આ ગણિતમાં નીકાળી દેજો. ઈશ્વર આવી રીતે પ્રાર્થના સાંભળીને ગણિતમાંથી બહાર કાઢતો રહે તો તો શિક્ષણ ક્યાં જઈને અટકે?

પરિસ્થિતિ અનુકૂળ હોય બધાં જ ગ્રહો સાનુકૂળ હોય અને તમને સફળતા મળે તેમાં શું મજા!

મજા તો ત્યારે છે જ્યારે સામા પૂરે તરીને તમે નદી ઓળંગો, બધી જ પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોવા છતાં ઈચ્છિત પરિણામ મેળવી શકો.

ધીરુભાઈ અંબાણીને શિખર પર પહોંચ્યા પછી જે આનંદ મળ્યો હશે,તે મુકેશ અંબાણીને કદાચ નહીં મળે અને આકાશ અંબાણી માટે તો એ આનંદની વ્યાખ્યા સમજવી પણ મુશ્કેલ બની જશે કે પથ્થર ને પાટુ માર્યા પછી દાદાએ જે સામ્રાજ્ય ઊભું કર્યું અને ત્યારબાદ સફળતાનો સ્વાદ ચાખ્યો એની મીઠાશ આકાશના નસીબમાં નથી રહેવાની.

પરિસ્થિતિ બદલવામાં સફળતા નથી મળતી,ત્યારે મનઃસ્થિતિ બદલી દેવામાં જ શાણપણ છે. કારણ કે પરિસ્થિતિ પરાધીન છે.પણ મનઃસ્થિતિ તો સ્વાધીન છે ને! પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ સાનુકૂળ મનઃસ્થિતિના માધ્યમથી જ સફળતા મળશે.

આજે સમય સામા પૂરે તરવાનો છે,પરિસ્થિતિને બદલી નાખવાનું આપણા હાથમાં નથી તો પરિસ્થિતિને અનુકૂળ મનઃસ્થિતિ બનાવવાનું તો આપણા હાથમાં છે ને,ચાલો પ્રયત્ન કરીએ દુનિયા બદલવાનો નહીં આપણા મનને બદલવાનો.

જિંદગીની દડમજલ થોડી અધૂરી રાખવી,
ચાલવું સાબિત કદમ, થોડી સબૂરી રાખવી.
જીવવું છે, ઝૂરવું છે,ઝૂઝવું છે જાનેમન !
થોડી અદાઓ ફાંકડી,થોડી ફિતૂરી રાખવી.
જોઈ લેવું આપણે,જોનારને પણ છૂટ છે;
આંખને આકાશના જેવી જ ભૂરી રાખવી.
ભાનભૂલી વેદનાઓને વલૂરી નાખવી;
જ્વાલા ભલે ભડકી જતી, દિલમાં ઢબૂરી રાખવી.
જામમાં રેડાય તેને પી જવાનું હોય છે,
ઘૂંટડે ને ઘૂંટડે તાસીર તૂરી રાખવી.
કેફીઓના કાફલા વચ્ચે જ જીવી જાણવું,
થોડુંક રહેવું ઘેનમાં, થોડીક ઘૂરી રાખવી.

શ્રી વેણીભાઈ પુરોહિતનું આ કાવ્ય ઘણાં બધાં રંગોનું મેઘધનુષ્ય છે. આ પ્રતિપળ સંગ્રામનું નામ જ જીવન છે. અને હરદમ સંઘર્ષ જ આપણી નિયતી છે,તે વહેલી તકે સમજી લેવાની આવશ્યકતા છે. રોદણાં રોવાથી ક્યારેય કોઈ કાંઈ પામ્યું નથી,માત્ર હાંસી જ થઈ છે. આપણા દુઃખને હસી નાખીને નવા સંઘર્ષો માટે ઈશ્વર પાસે શકિત માંગનારા જ ઈશ્વરના ચહિતા બની શકે છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

સલામ છે એ યુવાન આનંદના નિજાનંદને...

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શહેરની એક જાણીતી સોસાયટીમાં ઉમરલાયક કપલ રહે. આંટીની ઉમર ૭૮ અને અંકલની ઉમર ૮૦ની આસપાસ. ગુજરાત અને ભારત સહિત આખા વિશ્વમાં કોરોના વાયરસનો હાહાકર ચાલે છે. ઉમરલાયક અંકલ આંટીનો એકનો એક પુત્ર અન્ય શહેરમાં નોકરી કરે છે. લોક ડાઉનમાં ન પુત્ર આવી શકે, ન માતા પિતા એની પાસે જઈ શકે. લોક ડાઉનના ત્રીજા દિવસે અંકલને સખત ખાંસી થઈ ગઈ. છાતીમાં થોડી ગભરામણ પણ થવા લાગી. આવા સમયમાં સામાન્ય શરદી સળેખમ પણ ભયાનક લાગે. અંકલ આંટીને ચિંતાનો કોઈ પાર નહીં. કોઈ ડોક્ટર એમને તપાસવા તૈયાર થાય નહીં. એ દિવસે સાંજે અંકલ આંટી બન્ને મ્હો વકાસીને પરસાળમાં બેસી રહ્યાં. બીજા દિવસે બપોરે બારેક વાગે મોઢે માસ્ક અને હાથમાં ગ્લોવ્સ પહેરેલો એક ફુટડો યુવાન અંકલ આંટીના બંગ્લાનો ઝાંપો ખખડાવતો ઉભો હતો.

આંટીએ બહાર આવી યુવાનને પુછ્યું, 'ભાઈ કોણ છો ? ક્યાંથી આવો છો ? શું કામ છે?'

યુવાને કહ્યું, 'આંટી, હું આરોગ્ય વિભાગમાંથી આવું છું. મારું નામ આનંદ પટેલ છે. હું ઘરે ઘરે સર્વે કરવાની કામગીરીના ભાગરૂપે આવ્યો છું. તમારા ઘરમાં કેટલા લોકો છે ?'

આંટીએ કહ્યું, 'અત્યારે તો હું અને મારા પતિ બે જણ'

યુવાને પ્રશ્ન કર્યો, 'આંટી તમારા બન્નેની કેટલી ઉમર થઇ છે ?'

આંટીએ કહ્યું, 'મને ૭૮ વર્ષ અને અંકલને ૮૦ વર્ષ થયા છે.'

યુવાને બીજો પ્રશ્ન કર્યો, 'તમારા બેમાંથી કોઈને ખાંસી, શરદી, તાવ, કફની ફરીયાદ છે ?'

યુવાનના આ પ્રશ્નથી આંટીના મોઢા ઉપર ચમક આવી ગઈ. એમણે કહ્યું, 'હા ભાઈ, અંકલને ગઈકાલથી ખૂબ ખાંસી થઈ છે. એમને ગભરામણ પણ થાય છે. કોઈ ડોક્ટર મળતા નથી. અમે મુંઝવણમાં છીએ શું કરવુ અને શું ન કરવું.'

યુવાને સ્માઈલ સાથે જવાબ આપ્યો, 'આંટી કોઈ ચિંતા ન કરો. અંકલને કશું નથી થયું. તમે કહો તો હું દવા લઈને આપુ બે દિવસ રાહ જુઓ. અંકલને સારુ લાગે તો બરાબર છે. નહીંતર આપણે એમને સરકારી હોસ્પીટલમાં દાખલ કરી આગળ તપાસ કરાવીશું.'

આ સાંભળીને આંટી તો રાજી થઇ ગયા. કહ્યું, 'દીકરા, તારો ખુબ આભાર. તું તો દેવદુત બનીને મારા ઝાંપે ઉભો રહ્યો છે.'

યુવાન બોલ્યો, 'અરે, આંટી મને શરમાવો નહી. તમે લોકો તો મારા મા-બાપ જેવા છો. એમા ક્યાં કોઈ મોટાઈ છે ? આ તો મારી ફરજ છે અને એથી પણ વધારે મારા અંતરઆત્માનો અવાજ છે. મને તમારા જેવા વડીલોની સેવાનો મોકો મળ્યો છે. આવા સમયે માણસ માણસને ખપ નહીં આવે તો કોણ આવશે ?'

આનંદ ગાંધીનગરની સરકારી સીવીલ હોસ્પિટલના ટીબી વોર્ડમાં પાંચ વર્ષથી કામ કરે છે. આમ તો આનંદનું કામ ટીબીના પેશન્ટને ડોક્ટર તપાસીને જે ટ્રીટમેન્ટ સુચવે એના ફોલોઅપની છે. એટલે એમ કહી શકાય કે આનંદની જોબ પેરા મેડીકલ પ્રકારની છે. કોરોના મહામારીના સંદર્ભમાં શહેરના એક વિસ્તારના બસો જેટલા ઘરના પ્રતિદિન સર્વેની જવાબદારી એને આપવામાં આવી છે. આ કામને આનંદ હૃદયપૂર્વક કરે છે. જે પણ ઘરે જાય, ત્યાં રહેતાં પરિવારની આત્મીયતાથી ખબર અંતર પૂછે છે. ઘણીવાર તો કેટલાક ઘરે આનંદ સાથે તોછડું વર્તન પણ થાય છે. પરંતુ આનંદ એને બિમારીના સમયની સામાન્ય વર્તણૂક સમજી મન ઉપર નથી લેતો. ૨૯ વર્ષના આ ફૂટડા યુવાન આનંદના હજુ ગયા વર્ષે જ લગ્ન થયા છે. આનંદ બુઝુર્ગ માતા પિતાનું એકનું એક સંતાન છે. કોરોનાના ચેપનો ડર રાખ્યા વગર ઉત્સાહ અને નિષ્ઠાથી આ યુવાન એની ફરજ બજાવે છે.

આ બુઝુર્ગ અંકલ આંટી આનંદની વાત કરે છે, ત્યારે એમની આંખોના ખૂણા ભીના થઈ જાય છે. એ કહે છે કે, જ્યારે બધા ઘરમાં બેસીને સલામત છે, ત્યારે સરકારના આ તબીબી કર્મચારીઓએ સાચા અર્થમાં કર્મને યોગ સ્વરૂપે અપનાવ્યો છે. સરકારી કર્મયોગીઓને ગીતા, કુરાન કે બાઈબલ વાંચવાની ક્યાં જરૂર છે ? એમનું આ કર્મ જ એમનો ધર્મ છે.

યુવાન આનંદની આખી વાતમાં કાર્યનિષ્ઠાનું મજબુત પાસુ છે. વ્યક્તિ જ્યારે નિષ્ઠાવાન હોય છે ત્યારે આખી કાયનાથ એની પડખે હોય છે. કામને કરવા ખાતર કરવુ અને કામને સત્યનિષ્ઠાથી કરવું એ બેમાં આસમાન જમીનનો તફાવત છે. કાર્યમાં નિષ્ઠા ભળે ત્યારે એ કામ મટીને અંતરના આનંદનું સ્વરૂપ પકડે છે. ઘરે ઘરે સર્વે કરવાના કામને ટિડીયસ કામ સમજી વેઠ ઉતારી હોત તો એ યુવાનને કોણ પુછવાનું હતું ? પરંતુ એણે એના આ કામમાં પ્રાણ રેડ્યો તો બુઝુર્ગ દંપતીના ખોબલે ખોબલે આશીર્વાદ મળ્યાં. મઝાની વાત તો એ છે કે, યુવાને આ ઘટનાની વાત કોઈન કરી પણ નથી. એને પ્રચારમાં રસ નથી એને તો કાર્યાનંદમાં રસ છે. અંકલ આંટીએ એમના પડોશીઓને અને સગાઓને આ સરકારી યુવાનની વાત કરતાં આનંદના કાર્યાનંદની વાત બહાર આવી. આજે દેશભરમાં આનંદ જેવા હજારો સરકારી યુવાનોની કાર્યનિષ્ઠામાં એક અજીબ કશીશ છે. આનંદ જેવા મિત્રોની કહાનીઓ હૃદયમાં જબરજસ્ત સુકુન આપે એવી છે. આનંદના નિજાનંદને સલામ છે.

ધબકાર:
કાર્યમા નિષ્ઠા જોડાય ત્યારે એ કાર્ય આત્મનાદ બની જતુ હોય છે.